તા.૧૨/૧૨/૨૦૧૪ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૨૭/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી ૧૪૦ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ ૧ મોટર સાયકલ અને ૧ વાન ગાડી કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૨૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં. ૩૦૨૯/૧૪**

**શહેરકોટડાઃ** નસીફાબાનુ શકુરભઈ ઘાચી (ઉ.વ.૧૭) (રહે.રામલાલની ચાલી કાલુપુર બ્રીજ નીચે અમદુપુરા) ને તા.૧૦/૧૨/૧૪ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી નસીમ ઉર્ફે ધરો ઓરીસ્સાવાળા (જેના પુરા નામ સરનામાની ખબર નથી) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ નસીફાબાનુ ના ભાઈ સીરાજઉદ્દીન ઘાચીએ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી ડી ગોહીલ ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૦૩૦/૧૪**

**કાગડાપીઠઃ** રામવિલાસ કામતાસન શુકલા (રહે.રાઘે બંગલોઝ ખોખરા સર્કલ પાસે મણીનગર) એ તા.૧૧/૧૨/૧૪ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૫/૧૩ થી તા.૩૦/૭/૧૩ ના સમયગાળા દરમ્યાન આરોપી દુર્ગારામ (જેના પુરા નામની ખબર નથી) (રહે.દુકાન નંબર-૪૯/૫૦ થાઈગપ્પા ચેટીકોરી કોરૂકુર્પેટ ડી આર એક્ષપોર્ટ ચેન્નાઈ તમીલનાડુ) એ સાળંગપુર ન્યુ ક્લોથ માર્કેટમાં આવેલ રામવિલાસ શુકલાની દુકાન નંબર-૨૮૩ ખાતેથી ક્રિષ્ણા ફેબ્રીક્સની પેઢીમાંથી માલ મંગીવી માલના બાકી નિકળતા રૂપિયા ૨૧,૬૫,૦૬૦/- નહી આપી રામવિલાસ શુકલા સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી એલ રોહીત ચલાવે છે.

**ઠગાઈઃ-** **સમાચાર યાદી નં.૩૦૩૧/૧૪**

**ગુજરાત યુનિવર્સિટીઃ** અવનીબહેન ધર્મેશભાઈ પટેલ (ઉ.વ.૩૨) (રહે. પ્રેમનગર સોસાયટી એમ એસ મિઠાઈવાલાની સામે નવરંગપુરા) એ તા.૧૧/૧૨/૧૪ નારોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૦/૧૪ થી તા.૫/૧૧/૧૪ ના સમયગાળા દરમ્યાન અવનીબહેનના પતિ ધર્મેશભાઈએ અવનીબહેનના ખાતામાંથી લોનના નાણા ૩૯,૫૦,૦૦૦/- આર ટી એસ દ્વારા બીજી વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર કરાવી અવનીબહેન સાથે ઠગાઈ કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ આર મોડીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૦૩૨/૧૪**

**નરોડાઃ** હિરેનભાઈ ગોવિંદભાઈ પટેલ (રહે.સ્વામિનારાયણપાર્ક વિભાગ-૧ સરજ રેસીડન્સી સામે વસ્ત્રાલ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૧૪ સવારના ૯/૧૦ વાગ્યાના સુમારે હિરેનભાઈના પિતા ગોવિંદભાઈ (ઉ.વ.૫૮) સરદાર પટેલ રીંગ રોડ દહેગામ સર્કલ એચપી પેટ્રોલપંપ પાસે આવેલ શિલ્પ રેસીડન્સી નજીકથી સ્કૂટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્વિફ્ટ કાર નંબર જીજે ૭ બીએન ૫૬૫૭ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ગોવિંદભાઈના સ્કૂટરને ટક્કર મારી નાસી ગયો હતો. આથી ગોવિંદભાઈને ગંભીર ઈજાઓ થતા તેમનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ આર ચાવડા ચલાવે છે.

**ચાંદખેડાઃ** સંજયભાઈ ચતુરભાઈ દેવીપુજક (રહે.ભરતભાઈ પટેલના ખેતરમાં કોટેશ્વરગામ તા.જી.ગાંધીનગર) એ ચાંદખેડા પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૧૪ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે સાંઈ સ્નેહ રેસીડન્સી સામે કોટેશ્વર ગરનાળા નજીકથી સંજયભાઈના બનેવી લક્ષ્મણભાઈ ઉર્ફે લખુભાઈ મંગાભાઈ શાકભાજીની લારી લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેકટર (નંબર જાણવા મળેલ નથી) ના ચાલકે ટ્રેકટર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લક્ષ્મણભાઈને ટક્કર મારી નાસી ગયો હતો. આથી લક્ષ્મણભાઈને ગંભીર ઈજાઓ થતા તેમનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ કે બાંગા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.